# ગુડા રહેણાંક અને વાણિજય હેતુના ૧૩ પ્લોટસની હરાજી કરશે

**વિકાસ કામો માટે આવક ઉભી કરવા હરાજી કરશે : પ્લોટસના તળિયાની કીંમત નક્કી કરવા માટે લેન્ડ પ્રાઇઝ કમિટીને વિગતો મોકલાશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેર આસપાસના વિસ્તારમાં વિકાસના અનેકવિધ કામોને વેગ આપવામાં આવી રહ્યો છે. હાઈટેક વિકાસની પેટર્ન પર નવતર અભિગમ અપનાવાયો છે. જયારે નાણાંકીય જોગવાઈને અનુલક્ષીને પણ ગુડા દ્વારા વિવિધ ત્રણ ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસ્તારમાં ૧૩ જેટલા પ્લોટને હરાજીના માધ્યમથી વેચાણ અપાશે. આગામી દિવસોમાં આ પ્લોટસની હરાજી કરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ન્યુ ગાંધીનગરના વિસ્તારતમાં અનેક વિધ કામો હાથ ધરવામાં આવ્યા છે જયારે વિકાસ કામોની ગતિ વધુ તેજ કરવા માટે પણ આયોજન કરાયુ છે. નવા પ્રોજેકટસ પણ મુકવામાં આવ્યા છે. જેમાં ઈન્ડોર સ્ટેડિયમ ઓલમ્પિક ગેમ્સનુ આયોજન કરવા માટે તેમજ ઈન્સ્ટિટ્યુશ્નલ ઝોનને એક સુત્રમાં જોડવા નોલેજ હબ, નવા આવાસોની યોજના સહીતના કામો હાથ ધરવામાં આવશે રાજય સરકાર કક્ષાએથી પણ તેને મંજુરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત ગુડાની વિવિધ નગર રચના યોજનાઓ અન્વયે નર્મદાનુ પાણી, ગટર લાઈન સ્ટ્રીટ લાઈટો, સ્ટોર્મ વોટર લાઈન, સુએજ ટ્રીટમેન્ટ પ્લાન, માર્ગ નિર્માણ તેમજ આવાસ યોજના સહીતની માળખાગત સુવિધાઓને અનુલક્ષીને પણ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ સઘળી યોજનાને સાકાર કરવા માટે પણ ગુડાને મોટો ખર્ચ થાય તેમ છે. જયારે આ ખર્ચને પહોંચી વળવા માટે આવક ઉભી કરવા માટે ગુડા કક્ષાએથી રહેણાંક તેમજ કોર્મશિયલ પ્લોટસની હરાજી કરવા માટે સરકારને દરખાસ્ત કરવામાં આવી હતી. આખરે શહેરી વિકાસ સત્તા મંડળ કક્ષાએથી પણ આ દરખાસ્તને મંજુરી આપી દેવામાં આવી છે. જેને અનુલક્ષી આગામી દિવસોમાં ગુડા દ્વારા વિવિધ ત્રણ ટી પી સ્કીંમમાં અંદાજિત ૧૩ જેટલા પ્લોટસની હરાજી પ્રક્રીયા હાથ ધરાશે. જેમાં ટી પી સ્કીમ વાવોલમાં જુદા જુદા હેતુના વિવિધ ક્ષેત્રફળ ધરાવતા ૭ પ્લોટ ટી પી સ્કીમ નં -૬ ના કુડાસણ, સરગાસણ, ધોળાકુવા વિસ્તારમાં આવેલા ચાર પ્લોટ ઉપરાંત ટી પી સ્કીમ નં -૭ના સરગાસણ કુડાસણ અને પોર વિસ્તારમાં ૨ પ્લોટ સહીત કુલ ૧૩ પ્લોટસની હરાજી કરાશે જયારે આ અન્વયે વિવિધ પ્લોટસની વિગતો પણ લેન્ડ પ્રાઈઝ કમિટીને મોકલવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

# વરસાદે ગાંધીનગરને હાથતાળી આપી

**ગઈકાલે સાંજે ધોધમાર વરસ્યા બાદ આજે આખો દિવસ આકાશમાં વાદળો ગોરંભાયેલા રહ્યા હતા : હમણાં જ વરસાદ તુટી પડશે એવુ લાગતુ હતુ પરંતુ આખો દિવસ વરસાદ ન પડતા વસાહતીઓ નિરાશ**

ગાંધીનગર, તા. ૨

અષાઢી બીજે શહેરમાં ધોધમાર વરસ્યા બાદ વરસાદે આજે હાથતાળી આપી દીધી હતી. આખો દિવસ આકાશમાં વાદળો ગોરંભાયેલા રહ્યા હતા પરંતુ વરસાદ પડ્યો ન હતો. વસાહતીઓ બફારાના કારણે ત્રસ્ત બની ગયા હતા.

સમગ્ર ગુજરાતમાં મેઘરાજાનું આગમન થયુ છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તો આખેઆખુ તરબોળ બની ગયુ છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં સારો કહી શકાય એવો વરસાદ પડ્યો છે. પરંતુ વરસાદે જાણે ગાંધીનગર-અમદાવાદને જ હાથતાળી આપી હોય એવુ લાગી રહ્યું છે. ગઈકાલે અષાઢી બીજના શુભ મુહૂર્તમાં શરૂ થયેલો વરસાદ ગાંધીનગરને તરબોળ કરી દેશે એવુ લાગતુ હતુ. સાંજે જોરદાર કડાકાભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. લગભગ અડધા કલાક સુધી શહેરના વિવિધ વિસ્તારોમાં અલગ અલગ માત્રામાં વરસાદ પડ્યો હતો. આકાશમાં ગોરંભાયેલા વાદળો આખી રાત વરસશે એવુ લાગતુ હતુ પરંતુ થોડીક જ વારમાં વરસાદ બંધ થઈ ગયો હતો. વરસાદનુ સારૂ એવુ ઝાંપટુ પડતા વાતાવરણમાં ઠંડક છવાઈ ગઈ હતી. જોકે બાદમાં વરસાદ ન પડતા ઉકળાટ અનુભવાયો હતો.

આજે પણ આખો દિવસ આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા. ગોરંભાયેલા વાદળો હમણાં તુટી પડશે અને શહેરમાં પાણીની રેલમછેલ થઈ જશે તેવુ વારંવાર લાગ્યુ હતુ પરંતુ વરસાદે શહેરીજનોને હાથતાળી આપી હતી. આખો દિવસ શહેરીજનો વરસાદની રાહ જોઈને બેસી રહ્યા હતા. વરસાદ ન પડતા ફરીથી સખત બફારો



અને ગરમી અનુભવાઈ હતી. વરસાદી માહોલના કારણે તાપમાનમાં સારો એવો ઘટાડો થયો છે. આજે મહત્તમ તાપમાન ૩૩.૪ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૮ ડિ.સે. નોંધાયુ હતુ, જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૨ ટકા અને સાંજે ૭૪ ટકા રહ્યુ હતુ. અત્યાર સુધી સિઝનનો વરસાદ ૧૦.૫ મી.મી. નોંધાયો છે. ગઈકાલે સાંજે સારૂ એવુ ઝાંપટુ પડ્યુ હોવા છતાં માત્ર ૧૦ મી.મી. વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં આગામી ચાર દિવસ ભારે વરસાદની આગાહી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની આશા રાખવામાં આવી રહી છે.

# આંગણવાડીના જુના અને જર્જરિત મકાનો તોડી નવા બનાવવા નિર્ણય

**વાવોલ-કુડાસણમાં લાયબ્રેરી બનશે : મનપાની ટીમ શહેરની આંતરિક સફાઈની કામગીરીના અભ્યાસ માટે ઈન્દોર જશે : ચેરમેન**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આજે રૂ. ૪ કરોડના ખર્ચે આંગણવાડીના જર્જરિત મકાનોને સ્થાને નવા મકાનો તેમજ રિપેરીંગના કામો હાથ ધરવામાં આવશે. આ અંગેની દરખાસ્ત તૈયાર કરી અને મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને ઝડપથી મોકલી આપવામાં આવશે.

સ્થાયી સમિતિની આજે ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી બેઠકમાં ૧૯ જેટલા મુદ્દાઓ ચર્ચામાં આવ્યા હતા.

બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે મનપા વિસ્તારમાં તેમજ ડમ્પિંગ સાઈટની કામગીરી માટે હેવી મશીનરીઓ વાર્ષિક ધોરણે ભાડે મેળવવાનું ટેન્ડર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટેની એસ-૧ બનેલ પાર્ટી પાસે પોતાના વાહનો ન હોવાથી આ ટેન્ડર રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે મનપા વિસ્તારો માટે ૨૦૧૪-૧૫માં ફાળવેલ ૨૦ કરોડના નવા સૂચિત કામોની દરખાસ્ત તૈયાર કરીને મ્યુનિ. ફાયનાન્સ બોર્ડને મોકલવામાં આવશે.

મનપાની આજની સ્થાયી સમિતિમાં કુડાસણ સ્થિત ટી.પી.૬ ખાતે અને વાવોલની જુની અને જર્જરિત લાયબ્રેરી તોડી નવી બનાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ઝોન-૧ અને ઝોન-૨ના વિસ્તારોમાં આંતરિક રસ્તાઓની સફાઈની કામગીરી સંભાળતી એજન્સીઓની મુદતમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ચેરમેન પટેલે જણાવ્યુ હતુ કે આગામી ૯મીએ નાયબ મ્યુનિ. કમિશનર અને પાંચ જેટલા

● અનુસંધાન પાન-૭ પર

## મનપા દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન અંગે વેબ પેજ લોંચ કરાયું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઈ-વેસ્ટ માટેનું વેબ પેજ આજે મેયરના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુ છે.

મનપા દ્વારા આ માટે ટોલ ફ્રી નંબર પણ વેબ પેજ પર દર્શાવવામાં આવ્યો છે. મનપા દ્વારા ઈ-વેસ્ટ અંગેનું ટેન્ડર જારી કરાયું હતુ.

ઈ-વેસ્ટનો યોગ્ય નિકાલ થાય તે માટે આ વેબ પેજનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. અમદાવાદમાં બે ટન જેટલો ઈ-વેસ્ટ મળી રહ્યો છે. ઈ-વેસ્ટ કલેક્શન કરનાર એજન્સી ઈ-વેસ્ટ આપનારને પણ વળતર આપશે અને મનપાને પણ વાર્ષિક રૂ. ૨૫ હજાર આપશે. ઈ-વેસ્ટ કલેક્શનની કામગીરી મહત્વની છે.

# હવે મનપાના રોજબરોજના ખર્ચ અને આવકના હિસાબો જાહેર જનતા જોઈ શકશે

**મનપામાં ફાઈલ ટ્રેકીંગ સિસ્ટમ પણ અમલી બનશે : ચેરમેન**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા તેના વહીવટને વધુ પારદર્શક બનાવશે અને રોજે રોજ મનપા દ્વારા કરવામાં આવતા ખર્ચના હિસાબો તેમજ આવક અંગેની વિગતો તેની વેબસાઈટ પર મુકશે.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ પ્રથાનો અમલ કરનાર ગાંધીનગર મનપા એ પ્રથમ સ્વાયત્ત શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા બનશે.

તેમણે જણાવ્યુ હતુ કે પારદર્શક વહીવટ આપવા માટે વ્યવસ્થા ઉભી કરવી આવશ્યક છે અને એટલે જ અમે આ મહત્વનો નિર્ણય કર્યં છે. ૧-૪-૨૨ થી અત્યાર સુધી થયેલા ખર્ચને અમે અપલોડ કરી ચુક્યા છીએ જેથી જનતા જોઈ શકે.

ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર આ વિગતો ઉપલબ્ધ છે. આ માટે અમે તંત્રને આજે સૂચના પણ આપી દીધી છે. એટલુ જ નહિ મનપાની વેબસાઈટને વધુ આધુનિક ડિઝાઈન સાથે તૈયાર કરવામાં આવી રહી હોવાનું પણ તેમણે કહ્યુ હતુ.

પટેલે જણાવ્યુ હતુ કે વહીવટીતંત્રને વધુ પારદર્શક બનાવવા માટે અમે ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમને પણ અમલી બનાવવાનો નિર્ણય લીધો છે અને તે પણ જનતા જોઈ શકે તે માટે કાર્યવાહી ચાલી રહી છે.

તેમણે કહ્યુ કે કઈ ફાઈલ ક્યાં પડતર છે અને ક્યારે તે મુવ થઈ ક્યારે કયા અધિકારી પાસે પહોંચી તે બધુ જ આ ફાઈલ ટ્રેકિંગ સિસ્ટમથી જાણી શકાશે.

પટેલે જણાવ્યુ હતુ કે અમે પારદર્શક અને સ્વચ્છ વહીવટ માટે કટિબદ્ધ છીએ.

# શહેરમાં કોરોનાના નવા ૨૦ કેસ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનું સંક્રમણ નિયંત્રણમાં આવ્યુ નથી. શહેરમાં આજે પણ નવા ૨૦ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે ૧૧ કેસ નોંધાયા છે.

**ગ્રામ્યમાં વધુ ૧૧ કેસ નોંધાયા : કુડાસણમાં ૪, સરગાસણ, સે. ૨, ૩-એ-ન્યુ, સે. ૨૨, સે. ૩૦ માં ૨-૨ કેસ આ ઉપરાંત રાંદેસણ, ભાટ, સે. ૨૯, ૮, ૧૩ અને સે. ૧ માંથી કેસ મળ્યા : દહેગામમાં ૨, ગાંધીનગર ગ્રામ્યમાં ૫ અને કલોલમાંથી ૪ કેસ મળ્યા**

એક જ સપ્તાહના ગાળામાં શહેર-જિલ્લામાં કોરોનાના ૧૦૦થી વધુ દર્દીઓ નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે. એલર્ટ મોડ પર કામ કરી રહેલ તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે જણાવ્યુ છે.

શહેર-જિલ્લામાં સંક્રમણ સતત વધી રહ્યુ છે. મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યા તેમજ ટીનેજર્સ અને મોટીવયના દર્દીઓ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. આ વખતે હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. બીજુ જે દર્દીઓ મળી રહ્યા છે તેમને કોરોનાના હળવા લક્ષણો હોવાથી તંત્ર હોમ આઈસોલેશનના વિકલ્પને ગ્રાહ્ય રાખી રહેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૩.૫૦ ટકાએ પહોંચ્યો છે અને લોકલ ટ્રાન્સમિશન થયાનું તંત્રના વિશ્વસનીય સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૨૦ કેસ નોંધાયા છે. જેમાં સાત મહિલા દર્દી, ૩ ટીનેજર્સ તેમજ બે દર્દી ૬૦ થી વધુ વયના છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલા કેસમાં એક દર્દી પૂના-મુંબઈ ગયા હતા અને તે ૨૫-૬ના રોજ પરત ફરેલ છે. તાવ અને અન્ય લક્ષણો જણાતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તો એક દર્દી બે થી ત્રણ મહિના પૂર્વે બિહાર જઈ પરત ફરેલ છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૮ કેસ મળ્યા છે. જ્યારે શહેરના સેકટરોમાંથી ૧૨ કેસ મળી આવેલ છે. અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી કેસો મળવાના શરૂ થતાં તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણમાંથી બે કેસ તો કુડાસણમાંથી ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત રાંદેસણ અને ભાટ ગામેથી પણ કેસ મળ્યા છે. સે. ૨, ૩-એ-ન્યુ, સે. ૨૨, સે. ૩૦માંથી બે-બે કેસ તેમજ સે. ૨૯, ૮, ૧૩ અને સે. ૧ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલ કેસ સાથે શહેરમાં ૭૮ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે ૧૧ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૫ મહિલા દર્દી, એક કર્મયોગી અને એક શ્રમિકનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર અને કલોલ પુનઃ સંવેદનશીલ બની ઉભરી રહ્યા છે. ગાંધીનગર ગ્રામ્યમાં પાંચ કેસ અને કલોલમાં ૪ કેસ તેમજ દહેગામમાં બે કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના દહેગામ તાલુકાના કડાદરા, કોઠી, ગાંધીનગરના ધણપ, સોનીપુરમાંથી કેસો મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પાલજ-વલાદ અને અડાલજમાં નવી ટીપી સ્કીમ તૈયાર કરાશે

**સરકાર દ્વારા સૈધ્ધાંતિક મંજુરી આપી દેવાતા ગુડાએ ત્રણ નવી ટાઉન પ્લાનીંગ સ્કીમ માટે ઈરાદો જાહેર કર્યો**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવી ત્રણ ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં પાલજ ,વલાદ અને અડાલજ વિસ્તારમાં વિકાસ કામોને નવતર દીશા સાથે વેગ મળશે. આ ત્રણેય ટી પી સ્કીમમાં કુલ ૨૬૯.૩૧ હેકટર વિસ્તારને આવરી લેવાશે. સરકાર દ્વારા આ મામલે સૈધ્ધાંતિક મંજુરી આપી દેવાતા ટાઉન પ્લાનીંગ સ્કીમને અનુલક્ષી રેખાંકન કરવાની સાથે નકશા તૈયાર કરવાની દીશામાં પણ કામગીરી હાથ ધરાશે. આખરી મંજુરી માટે વાંધા સુચનો પણ મંગાવાની પ્રક્રીયા હાથ ધરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ત્રણ નવા ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો છે. જેના લીધે પાલજ, વલાદ અને અડાલજ નવતર વિકાસને વેગ મળશે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર નવી ટી પી સ્કીમમાં કુલ ૨૬૯.૩૧ હેકટર વિસ્તારને આવરી લેવાશે. જયારે ટી પી સ્કીમ અંગે ડ્રાફટ તૈયાર કરાયા બાદ સરકારની મંજુરી માટે પણ કાર્યવાહી હાથ ધરાશે. ગુડાની આજે મળેલી બોર્ડ બેઠક દરમિયાન વલાદ વિસ્તારને અનુલક્ષીને ૧૫૬.૫૭ હેકટર વિસ્તાર ધરાવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૩૧. પાલજ વિસ્તારની ૪૭.૯૩ હેકટર વિસ્તાર ધરાવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૩૨, આ ઉપરાંત અડાલજ વિસ્તારને આવરી લેતી ૬૪.૮૧ હેકટર વિસ્તાર ધરાવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ ૨૩ તૈયાર કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવી હતી. જયારે આ ગતિવિધિના અંતે આ તમામ વિસ્તારમાં બાગ બગીચા અને રસ્ત સહીત રહેણાંક અને વાણિજયના હેતુસર રેખાંકન કરવામાં આવશે. જયારે આ ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર થયા બાદ ગુડાને કપાતની જમીનમાંથી અન્ય પ્લોટસ પણ ઉપલબ્ધ થશે. જેના અંતે ગુડા દ્વારા વિકાસના અન્ય નવતર કામો પણ હાથ ધરવામાં આવશે. ગુડાની ૨૬૯.૩૧ હેકટર વિસ્તારની ટાઉન પ્લાનીંગ સ્કીમને અનુલક્ષીને યોગ્ય પ્લાનીંગ કરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૦ લાખ વૃક્ષોના વાવેતર માટેનો મનપા પાસે રોડમેપ તૈયાર : ચેરમેન

**વન વિભાગ પાસેથી પાંચ લાખ રોપા મેળવાશે : અત્યાર સુધીમાં ૧ લાખ ૧૦ હજાર રોપા મનપાને મળી ગયા છે : ૪ જેટલા સ્વૈચ્છીક સંગઠ્ઠનોએ વૃક્ષારોપણ અને તેના ઉછેર માટે રસ દાખવ્યો છે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં ૧૦ લાખ વૃક્ષોના વાવેતર માટેનો આખો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું સ્થાયી સમિતિના ચેરમેન જસવંત પટેલે આજે જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિની બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતુ કે વન વિભાગ દ્વારા મનપાને પાંચ લાખ રોપાઓ આપવામાં આવશે. આ રોપાઓની ખરીદી કરાશે.

તેમણે કહ્યુ કે વન વિભાગ પાસેથી હાલ રોજના ત્રીસ હજાર જેટલા રોપાઓ ખરીદવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં એક લાખ ૧૦ હજાર જેટલા રોપાઓ મનપાને મળી ચુક્યા છે.

તેમણે કહ્યુ હતુ કે ત્રણ જેટલા મોટા પ્લોટ માટે ૪ જેટલા સ્વૈચ્છીક સંગઠ્ઠનોએ ત્યાં વૃક્ષારોપણ કરી અને તેના ઉછેર માટે રસ દાખવ્યો છે તેમ આજની સ્થાયી સમિતિએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

તેમણે કહ્યું હતું કે રોપાઓના વાવેતર માટે જમીન એ કોઈ સમસ્યા નથી પણ લોકોના સહયોગથી ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવાનો અમારો સંકલ્પ દ્રઢ છે.

# ગુડા દ્વારા અડાલજ, કુડાસણ અને કોબા વિસ્તારમાં ગટર લાઈન નંખાશે

**૧૧.૫૦ કરોડના ખર્ચે નવી ગટર લાઈન નંખાશે : વિવિધ ટીપી સ્કીમમાં અનામત પ્લોટની જાળવણી માટે કંપાઉન્ડ વોલ બાંધવામાં આવશે : વિવિધ ટીપી સ્કીમમાં કપાતમાં મળેલા પ્લોટ્સમાં ૬ નવા બગીચા વિકસાવાશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અડાલજ, કુડાસણ અને કોબા વિસ્તારમાં ગટર લાઈનની સુવિધા પુરી પાડવા માટે રૂ ૧૧.૫૦ કરોડનો ખર્ચ કરાશે આ ઉપરાંત ગુડાની વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમમાં અનામત પ્લોટસની સુરક્ષા માટે પણ કમ્પાઉન્ડ વોલ બાંધવામાં આવશે. જેમાં ૬ કીલોમીટરની લંબાઈમાં કમ્પાઉન્ડ વોલ અને ૬૦ કીલોમીટરની લંબાઈમાં વાયર ફેન્સીંગ કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે. ગુડાની આજે મળેલી બોર્ડ બેઠક દરમિયાન આ અંગે મહત્વનો નિર્ણય લેવાયો હતો.

ગુડાની આજે મળેલી બોર્ડ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા હતા. રાંદેસણ, કુડાસણ અને કોબામાં રૂ ૧૧.૫૦ કરોડના ખર્ચે ગટર લાઈનનુ નેટવર્ક ઉભુ કરવા માટે પણ નિર્ણય લેવાયો હતો જયારે આ કામને મંજુરી પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત ગુડાની વિવિધ ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સ્થિત અનામત પ્લોટસને સુરક્ષિત કરવા માટે કમ્પાઉન્ડ વોલ તેમજ ફેન્સીંગ કરવા માટે પણ આયોજનને આખરી કરવામાં આવ્યુ હતુ. ગ્રામ વિકાસ સદભાવના યોજના અન્વયે રૂ ૧૧.૫૦ કરોડના ખર્ચે નવા બગીચા વિકસાવવા માટે પણ રૂ ૯ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. ગુડાની બોર્ડ બેઠકમાં વિવિધ અગત્યના નિર્ણયો લેવાયા હતા. આ અંગે ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર અડાલજ વિસ્તારને સમાવતી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૧૧ અને ૧૧ બી તેમજ કોબા વિસ્તારની ટાઉન પ્લાનીંગ સ્કીમ નં ૨૧ ઉપરાંત કુડાસણ, રાંદેસણ વિસ્તારની ટાઉન પ્લાનીંગ સ્કીમ ૨૨ માં રહેણાંક અને કોર્મશિયલ ધોરણે પણ વિકાસ થયો છે. જયારે વિકાસ કામોની સાથે વસતી વધતા આ વિસ્તારમાં ધમધમાટ વધ્યો છે. જયારે આ વિસ્તારમાં ગટર નુ નેટવર્ક ઉભુ કરવાનુ પણ અનિવાર્ય બન્યુ છે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષીને પણ રૂ ૧૧.૫૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેથી ટુંકમાં આ અન્વયે આયોજન પણ હાથ ધરાશે. ગ્રામ વિકાસ સદભાવના અન્વયે ગુડા વિસ્તારના ૨૭ ગામોમાં આંગણવાડી, પંચાયત ઘર, પ્રાથમિક શાળાઓ તેજમ જાહેર શૌચાલયની સુવિધા માટે પણ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# મનપાના સેવાસેતુમાં ૧૦થી વધુ અરજદારોએ વીજ જોડાણ મેળવવા અરજી કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે યોજાયેલ સેવાસેતુ દરમ્યાન ૭૫ થી વધુ મિલ્કતધારકોએ તેમનો મિલ્કતવેરો ભર્યો છે. તો ૧૦ થી વધુ અરજદારોએ નવા વીજ કનેક્શન માટે અરજી રજુ કરી છે.

ગાંધીનગર શહેર-જિલ્લો સંપૂર્ણ વીજળીકરણ ધરાવતા જિલ્લાની સરકારની વાતો પછી સેવાસેતુના કાર્યક્રમમાં જે રીતે વીજ કનેક્શન માટેની અરજીઓ મળી રહી છે તે સરકારના દાવાની બીજી બાજુ દર્શાવે છે. આજે ઊર્જાનગર-૧ ખાતે યોજાયેલ સેવાસેતુમાં ૧૦ જેટલા શ્રમિકોને ઈ.શ્રમ કાર્ડ પણ આપવામાં આવ્યા હતા.આ સેવાસેતુ દરમ્યાન વૃક્ષારોપણ માટે ૨૦૦થી વધુ વૃક્ષોનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

મનપાની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ આજે જુદા જુદા વિભાગોની ૧૪૬૩ જેટલી અરજીઓ મળી હતી. આ તમામ અરજીઓનો સકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. સેવાસેતુ કાર્યક્રમમાં મેયર હિતેશભાઈ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિસિપલ કાઉન્સિલરો અલ્પાબેન પટેલ, શૈલાબેન પટેલ, રાજુભાઈ પટેલ, ડૉ. સંકેતભાઈ પંચાસરા, રાજેશભાઈ રવજીભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો હાજર રહેલ જેઓ દ્વારા તમામ વિભાગોના સ્ટોલની મુલાકાત લઈ પૃચ્છા કરેલ હતી. ત્યારબાદ મેયર દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ અને કાર્યક્રમની સુંદર વ્યવસ્થા તેમજ સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com